| PUBLICATION NAME : | Kiran Utkarsh |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 19/03/24 |
| PAGE : | 4 |

# EDII ખાતે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાના હસ્તે “સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી” અંતર્ગત યુવા ઉદ્યમીઓને ગ્રાન્ટ અપાઈ

**(ગાંધીનગર માહિતી બ્યુરો)**

ગાંધીનગર,તા.૧૭

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે “સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી” હેઠળ ૧૩૬ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ એનાયત કરવામાં આવી હતી. સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ કોલેજના વિદ્યાર્થીઓના ૧૩૬ નવીનતમ આઈડિયાને પ્રોત્સાહન આપવા પ્રત્યેકને રૂ. ૪૦,૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવી હતી.




આજની યુવાપેઢીને “વિકસિત ભારત જ ૨૦૪૭” સંકલ્પના સારથી ગણાવતા મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આજના યુવાનનો રાઈ જેટલો વિચાર અને સ્વપ્ન વિકસિત ભારતના નિર્માણને પીઠબળ પૂરું પાડશે. યુવાનોને પ્રોત્સાહન આપવા અને મદદરૂપ થવા જિંદગીના દરેક તબક્કે સરકાર તો તેમની પડખે છે જ, પરંતુ ઈચ્છાશક્તિ, ધગશ અને મનની સ્થિરતા જ તમને વધારે સફળતા આપવાશે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કોઈપણ વસ્તુ કે વિચારને નાનો ન સમજવા સૌને હિમાયત કરતા કહ્યું કે, નાનો વિચાર કે નાની વસ્તુને પણ જો લગાવ અને વિવેક સાથે કરવામાં આવે તેમજ તેમાં સ્ટાન્ડર્ડ જાળવી રાખશો તો એ નાનો વિચાર પણ તમને સફળતા તરફ દોરી જશે. સસ્ટેઈનેબલ વિકાસ અને પર્યાવરણના જતન માટેની પણ કાળજી રાખવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓને અભિનંદન આપતા તેમણે કહ્યું કે, રાજ્યમાં એવા અનેક કિસ્સા જોવા મળે છે જેમાં વિદ્યાર્થીઓ નોકરી મેળવવાની માનસિકતાથી દૂર જઈને કંઈક નવું વિચારે છે અને ટકી શકે તેવા સ્ટાર્ટઅપ્સ ઊભા કરે છે. સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસીના નેજા હેઠળ કુલ ૧૩૬ વિદ્યાર્થીઓએ તેમની ઉદ્યોગસાહસિક તરીકેની સફરનો પ્રારંભ કર્યો છે. મને વિશ્વાસ છે કે આ ગ્રાન્ટથી તેમને આગળ વધવામાં મદદ મળશે અને તેઓ વધુ તેજસ્વી બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિરાટ વિઝન થકી દેશને આગામી ૨૫ વર્ષની નવી રાહ મળી છે. આગામી ૨૫ વર્ષમાં “હર હાથ કો કામ” મંત્રને ચરિતાર્થ કરીને ભારતને વિકસિત અને સ્વાવલંબી ભારત બનાવવા મંત્રીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે ગ્રાન્ટ ફાળવાયેલા ૧૩૬ વિદ્યાર્થીઓની પસંદગી ૮૩૮ વિદ્યાર્થીઓમાંથી કરવામાં આવી હતી. કુલ ૪૨૬ ફેકલ્ટી મેમ્બર્સને આ હેતુ માટે ૧૦ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ હેઠળ તાલીમ આપવામાં આવી હતી. ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા ૪૬૦ વિદ્યાર્થીઓને નોમિનેટ કરવામાં આવ્યા હતા, તેમના આઈડિયાઝને રિફાઈન કરવામાં આવ્યા હતા અને તેમને ઈડીઆઈ ફેકલ્ટી, આયોજક સંસ્થાના પ્રિન્સિપાલ/નોડલ ઓફિસર, આઈ-હબના એક્સપર્ટ તથા ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિકારીઓની પસંદગીની પેનલ સમક્ષ તેમના આઈડિયાઝ રજૂ કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. ૪૬૦ બિઝનેસ આઈડિયાઝમાંથી ૧૩૬ને સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ આજે ગ્રાન્ટ આપવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં ઉચ્ચ શિક્ષણના અધિક નિર્દેશક શ્રી વદનસિંહ બોદાના અને ઈડીઆઈઆઈના આંત્રપ્રિન્યોરશિપ શિક્ષણ વિભાગના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.